chapter · 7

પ્રકરણ – ૭

સંસારસુધારાકાળના અન્ય કવિઓ

સામાજિક સુધારણા અને દેશપ્રીતિ એ સંસારસુધારાકાળની કવિતાના બે મુખ્ય વિષયો છે. એમાં દલપત-નર્મદે પાડેલે ચીલે એ પછીના કવિઓ મોટે ભાગે આગળ વધ્યા છે.

પ્રકરણ પાંચમાં જેમનો ઉલ્લેખ કરાયો છે એવે સંસારસુધારાકાળના એક શક્તિશાળી કવિ ભવાનીશંકર નરસિંહરામે :"ભવાનીકાવ્યસુધા", ગ્રંથ ૧, ૧૮૭૮, ઇ.ના.કર્તા: "સંપવિજય" :પ્ર.આ.૧૮૬૮: નામે એક કૃતિ રૂપકશૈલીએ રચી છે. એ કૃતિના ૨૭મી નવેંબર ૧૮૮૦ના "બોમ્બે રીવ્યૂ"માં કરાયેલા અવલોકનમાંથી એક ખંડક એની બીજી આવૃત્તિ :૧૮૮૬: વેળાએ છાપવામાં આવ્યો છે. એમાં વ્યક્ત થયેલો મત "સંપતવિજય" સમેતની રાષ્ટ્રીય અસ્મિતા વ્યક્ત કરતી ૧૯મી સદીની બધી કૃતિઓ માટે લગભગ સાચો છે: 'our bards cannot sing a higher theme than national unity.'

"સંપવિજય"ની પ્રસ્તાવનામાં લેખકે રાષ્ટ્રીય એકતા વિશે એમની જાગૃત દૃષ્ટિ સૂચવતું એક વિધાન કર્યું છે. "ઇશ્વરકૃપાથી હિંદમાં એક ભાષા અને એક લિપિ થાય એવો માંગલ્યકારી દિવસ વ્હેલો વ્હેલો આવે." નર્મદના સમયથી જ રાષ્ટ્રભાષા અને લિપિના પ્રશ્ન પરત્વે આપણા લેખકોનું ધ્યાન કેન્દ્રિત થયેલું જણાય છે.

સંપ, શક્તિ, સુધારો, વિદ્યા, હુન્નરકળા ઇ.ગુણલક્ષણોથી એક કાળે સભર એવા ભારતદેશ ઉપર કાળક્રમે કુસંપ, વહેમ, લોભ, અદેખાઇ, વ્યસન ઇ. દુર્ગુણોનું આક્રમણ થયું. આ સદ્ગુણ–દુર્ગુણ વચ્ચેના યુધ્ધનું કવિની શબ્દશક્તિનો

પરિચય આપતું કૌશલ્યયુકત વર્ણન કરવામાં આવ્યું છે.

"થયા સેનમાં શસ્ત્રના, ચપળા સમ ચળકાટ,
ઠામઠામ બહુધા થતા, ખાંડાંના ખખડાટ."

સંપ-કુસંપ વચ્ચે વારંવાર યુધ્ધો થતાં હતાં:

"રજપૂતો રડવડે નોબતો ગડગડે, ખડખડે ખડગ ને ખૂબ ખાંડાં,
ચડભડે સામસામાં અરિ ચોગણાં, ધડ પડે સોગણા ઘાવ ખાતાં."

સંપ-કુસંપ : લેખકને મન આર્ય-યવન: વચ્ચેની લડાઇમાં આખરે કુસંપનો-યવનનો વિજય થયો. કાવ્યનો આર્ય નાયક એથી પશ્ચાતાપ કરે છે:

"હિંદુ મળી હજાર, મૂર્તિ જ્યાં મેલતાં,
મસીદ કરી તે માંય, મુસલ્લા૦૦ મેલતા."

ભારતમાંથી સંપ અને હુન્નર આખરે અંગ્રેજપક્ષમાં ગયા. પરિણામે ભારત ઉપરનો એમનો વિજય શકય બન્યો:

"સખી સુધારાની સબળ, ચઢી ફોજ ચઢી ચોટ,
પ્રબળ સંપની પક્ષમાં, દીધી અંગ્રેજે દોટ."

નર્મદરીતિના આ કવિની અંગ્રેજભકિત દલપતપધ્ધતિની લાગે છે:

"જુલમી ઉપર જય કરી, હરાવી લોક હરામ,
અંગ્રેજે આ દેશની, લાયક લીધી લગામ."

૧૮૫૭ ના બળવા પછીના દસકામાં લખાયેલી પ્રસ્તુત કવિતામાં એ કાળના કવિઓમાં અંગ્રેજ રાજ્યઅમલ તરફ કેવો ભાવ હતો એનું સ્પષ્ટ નિર્દેશન મળે છે:

"જે ભૂમિ પર જુલમથી, અતિશય હતું અંધેર,
એ ભૂમિમાં આજ તો, લાગે લીલા લ્હેર."

અંગ્રેજોના આગમન પછી દેશમાં થયેલાં નવપરિવર્તનોની કવિ સાનંદાશ્ચર્યથી નોંધ લે છે. કયારેક તો એ દલપતરામના જેવી તરંગલીલામાં પણ સરકી પડે છે:

---

૦૦ નર્મદે પ્રથમવાર પ્રયોજેલ જણાતા "મુસલ્લા" શબ્દનો ભવાનીશંકર પોતાની પાદટીપમાં જુદો અર્થ આપે છે: "મુસલમાન લોકો જે કપડાં પર નવાજ પઢે છે તેને મુસલ્લો કહે છે."

"કવિ ટેલીગ્રાફ તણું દોરડું નિહાળી કહે,
બાંધ્યું હશે તોરણ બ્રિટીશ જય-બળમાં,
વીજળીના થાંભલા વિલોકીને વિચાર કરે,
થાવા કીર્તિ સ્થિર કીધા, "કીર્તિસ્થંભ" થળમાં."

પ્રારંભમાં અંગ્રેજોની નવીસવી સોબત મીઠી તો લાગી, પરંતુ એની કેટલીક માઠી અસરો એ સમયે પણ ધ્યાન બહાર નહોતી: "ગોરી ચામડીવાળા ગોરા, ધાડાં સમ ધન હરવા ધાય.. કરે કમાવા બહુ કળાય."

પુરુષાર્થમાં, વિદ્યાપ્રાપ્તિમાં, શરીરશક્તિમાં તથા સંપમાં પાછળ પડી ગયેલા "અતિ આળસુ ને અભિમાની, હઠીલા નર હિંદુસ્તાની"ની કવિ ટીકા કરે છે. ભારતવાસીઓને કવિએ કાવ્યાંતે ઉદ્બોધન કર્યું છે: "ઉઠો ઉદ્યમી નર ઉલ્હાસે, અવિદ્યા તજી ઉંચી આશે". જ્ઞાનપ્રસાર, સંપ તથા ઉદ્યમમાં દેશોત્કર્ષની ત્રણ મહત્ત્વની ચાવીઓ આપણા કવિઓને દેખાઇ છે.

<u>મનમોહનદાસ રણછોડદાસે</u> ભરૂચની જ્ઞાનશોધક સભામાં "હિંદુસ્તાનની નિર્ધનતાનું મૂળ" :ઇ.સ.૧૮૬૦: એ નામનો કવિતારૂપે નિબંધ દલપતરામની પધ્ધતિએ વાંચ્યો હતો. ભારતના ઉત્કર્ષ અર્થે પુરુષાર્થ કરો, સફર કરો, સંપ કરો, ઉદ્યોગોની સ્થાપના કરો, - "નારીને તો દીજીએ વિદ્યાદાન હંમેશ", એવો સુધારાનો મેનીફેસ્ટો જ એ સમયની પધ્ધતિ પ્રમાણે આંપી દીધો છે. મંડળી મળવાથી થતા લાભની તથા કળિયુગમાં સંઘશક્તિના મહત્ત્વની સમજ ૧૯મી સદીના કવિઓ પામી ચૂક્યા હતા:

"દિન આઠે કે પંદરે, ભરવી સભા જરૂર
થાય ખુલાસો વ્હેમનો, શીખે નીતિ ચતુર."

નર્મદરીતિના કવિ મધુવછરામ બળવછરામે "મધુરકાવ્ય"ના સામાન્ય કવિત્વયુક્ત બે ખંડો અનુક્રમે ૧૮૬૭ તથા ૧૮૬૮ માં પ્રસિધ્ધ કર્યા છે. નર્મદની કવિતામાં દેખાતી અશ્લીલતા તથા ભાષાની અશુધ્ધતાનો સીધો વારસો મધુવછરામે મેળવેલો જણાય છે. નર્મદરીતિનો કવિ છે, માટે એ ઉદ્દામ માનસનો હશે, એમ માનવું પણ ભૂલભરેલું નીવડે એવું છે. અંગ્રેજોનાં વખાણ કરવામાં તો એ દલપતરામની સ્પષ્ટ યાદ અપાવે છે. "મધુરકાવ્ય" ના બે ખંડો વાંચતી

વેળાએ મધુવછરામને સુધારાવાદી કહેવો કે અજ્ઞ રૂઢિચુસ્ત ગણવો તેની વિમાસણ થાય એવું છે... ભરતખંડની અવદશા નિહાળીને કવિને "દલગીરી" થયેલી છે.

"ભરતખંડ રે નિરખીને તને, દલગીરી ઘણી થાય છે મને,
નિરખી રૂપ હું તારૂં દૂબળું, ઝવાળ લાગતી ખૂબ હું બળું."

<u>મોહનલાલ દલપતરામનું</u> "મોહનકાવ્ય" : પ્રથમ પુસ્તક, ૧૮૭૧: નામે પદ્યપુસ્તક મળે છે. પ્રસ્તાવનામાં મોહનલાલે નોંધ્યું છે: "સાહેબો, વળી..એ જણાવું છું કે હાલમાં અમદાવાદ હાઇસ્કૂલનો હું એક વિદ્યાર્થી છું. માટે હમણાં તો એક ચિત્તથી અભ્યાસ કરીશ અને તેમાં ફતેહ પામ્યા પછી મારા મનના વિવિધ વિચારોનું એક મોહનગદ્ય નામનું પુસ્તક પ્રગટ કરીશ." મોહનલાલે "દેશીઓને શિખામણ" આપતાં કહ્યું છે:

"જુઓ દેશમાં રાજ્ય પરદેશી પેઠો, રૂડી ફોજ પોતે જમાવીને બેઠો,
વિચારો વડા વીર આ ધૈર્ય ધારી, વધે દેશનું માન જો જો વિચારી."

"સુધારા તણો મિત્ર ઇંગ્રેજ" એ રીતે લેખકે અંગ્રેજોને ઓળખાવેલ છે. એ "પરદેશી ઇંગ્રેજ" દેશમાં પેઠો છે એનું લેખકને દુ:ખ નથી. પરદેશીઓને દેશમાંથી હાંકી કાઢવા જોઇએ એવો દૂરનો ય ખ્યાલ લેખકના મનમાં એથી ન હોય તે દેખીતું છે.

<u>જગજીવન કાશીરામ પંડ્યાના</u> "સ્વદેશહિતબોધક" : ૧૮૭૭: માં અશુધ્ધ ભાષામાં "સ્વદેશાભીમાનનો જુસ્સો" વ્યકત કરવામાં આવ્યો છે. સંસાર-સુધારાકાળમાં આ પ્રકારની સંખ્યાબંધ કૃતિઓમાં વિષયની તથા નિરૂપણની લગભગ એકવિધતા જ દેખાય છે. "સ્વદેશહિતબોધક"ની જેમ અન્ય કૃતિઓમાં પણ દેશની વર્તમાનકાલીન ગરીબ સ્થિતિનો ચિતાર આપવામાં આવે છે, દેશના ભૂતકાળનું ચિત્ર આપી દેશની પડતી થવાનાં કારણો રજૂ કરવામાં આવે છે તથા દેશને આબાદ કરવા દેશજનોએ કઇ રીતે પુરૂષાર્થ કરવો જોઇએ તેનું નિરૂપણ કાવ્યાંતે કરવામાં આવે છે.

જગજીવનરામે પ્રારંભમાં ગદ્યમાં લંબાણપૂર્વક વિષય પરિચય આપ્યો છે.

ભારત વિશે લેખક કહે છે: "હાલમાં એ દેશ ઘણો જ ખાખાવીખા થઇ ગએલો છે અને બીજા દેશો કરતાં ઘણી જ દીન હાલતમાં આવી ગયો છે.. હાલ સરવે વાતે આપણા હિંદુભાઇઓ છેક પાયમાલ થઇ ગયા છે." "હાલ સ્થિતિ એ દેશતણી જોઇ, વજ્જરહૈયું પીગળશે". દેશને લૂંટનારા વિદેશીઓ વિશે લેખકે તદ્દન સ્પષ્ટ કથન કર્યું છે: "ફોલી ખાનારા વિદેશીઓ તો બૂટવસ્ત્ર પહેરીને ફરે." વળી એ કહે છે: "વજીર ચાકર નોકર સુદ્ધાં, રૈયતને બહુ રંજાડે." અંગ્રેજોને દેશને ફોલી ખાનારા તરીકે ઓળખાવ્યા પછી બીજે સ્થળે એમને "હિંદુસ્તાનનું ભલું ચાહાનાર" તરીકે ઓળખાવવામાં પ્રસ્તુત પદ્યકારને કશી હરકત નડી નથી.

મુસલમાનોનો ભૂતકાળનો વ્યવહાર જગજીવનરામ સંભારે છે: "લગભગ સાતસો વર્ષ સુધી તેમણે :મુસલમાનોએ: આ દેશમાં અમલ ચલાવ્યો. હિંદી-સ્તાનની દોલત લૂંટી તેને કંગાલ કરી નાખ્યો અને પછી તેના ધણી થઇ બેઠા." એ જ મુસલમાનોની વર્તમાનકાલીન અવસ્થા જોઇને કવિ ખેદ વ્યકત કરે છે:

" મુસલમાન લોકોને આપણ, દેશીની માફક ગણતા,
અસલ તેમનું જોર હતું બહુ, હિંદુને તેઓ હણતા,
હાલ તેમની સ્થિતિ અરેરે, જોઇ ખેદ દિલમાં થાશે."

રાજ્યકર્તા તરીકે મુસલમાનોએ હિન્દુઓને વખતોવખત પીડ્યા છે. મુસલમાનો પ્રત્યેના અણગમાનું આ કારણ ચાલી જતાં પ્રસ્તુત અણગમો પણ ઓગળતો દેખાય છે, એ અહીં નોંધપાત્ર ગણી શકાય.

દેશની સ્થિતિ વિશે કેવળ અફસોસ કરીને નર્મદયુગના લેખકો અટકયા નથી, જીવનને નિ:સાર માનવાનું મધ્યકાળનું વલણ ૧૯મી સદીના નવજાગૃતિ-કાળના લેખકોમાં દેખાતું નથી. જીવનમાં નિવૃત્તિની નહિં, પણ પ્રવૃત્તિની પ્રધા-નતા એ સૌએ સ્વીકારી છે. એટલે જ,"સ્વદેશહિતબોધક" ના કર્તા દેશોન્નતિ માટે આજે પણ તાજા લાગે એવા કેટલાક ઉપાયો સૂચવે છે. પધ્ધતિસરની ખેતી કરવાનું, ખેતીકળામાં સુધારા કરવાનું તથા નહેરોનો લાભ લેવાનું એમણે સૂચવ્યું છે. સ્વદેશીનો આગ્રહ, વિદ્યાનો પ્રસાર, યંત્રોનો તથા

પરદેશાટનનો પુરસ્કાર, ઇ. વિશેના ઉલ્લેખો તો આવવાના જ. દેશી કારીગરી અંગેની મંડળીઓ રચવાનું સૂચન પણ લેખકે કર્યું છે.

"સ્વદેશસુખવર્ધક" :૧,૧૮૭૯:ના કર્તા આદીતરામ જોઇતારામે દેશી કારીગરીને ઉત્તેજન આપવાના તથા દેશને આર્થિક સ્વાવલંબન અર્પવાના એ જમાનામાં પ્રચલિત એવા વિષયને નિરૂપ્યો છે. દેશી હુન્નરઉદ્યોગને ટેકો આપવાની એમની તત્ક્ત: સાચી વાત અણઘડ જણાય તેવી દલીલો દ્વારા રજૂ થયેલી છે...ગાંધીયુગની કવિતામાં દેખાતી આઘાત આપવા ખાતર આઘાતની વૃત્તિનો શ્રી.ઉમાશંકરે કરેલો ઉલ્લેખ અહીં જુદા સંદર્ભમાં યાદ આવે છે. ૧૯મી સદીના બધા લેખકો, સંભવ છે કે, દેશની સ્થિતિ વિશે હૃદયની બળબળતી લાગણી ન યે ધરાવતા હોય અને છતાં કવિતા રચવાના પડેલા ચીલા પ્રમાણે હુન્નરઉદ્યોગ, દેશોદય, જેવા વિષયો વિષે કવિતા રચ્યે જતા હોય.

મુસલમાનોના રાજ્ય કરતાં તો અંગ્રેજોનું રાજ્ય ઘણું સારું, એ જાણીતી બની ગયેલી તર્કપધ્ધતિનો આશ્રય લઇને લેખક અંગ્રેજ સલ્તનતનો બચાવ કરે છે:

" રે જુવો પેહેલાં મુસલમાનો તણું, રાજ અત્રે હતું રે ખચિતે,
તે સમે મુસલમાનો અતિ પીડતા, હિંદુને સુખ નો'તું કવચિતે.
રૂદ્ર સોરઠી તણું તોડી દેવાલયને, લઇ ગયા દ્રવ્ય ગાડું વહી તે,
દેવને ખંડતા, હિંદુને દંડતા, દુ:ખ દેતા બહુ એ જ રીતે.
... ...
તે થકી માગીએ કે પ્રભુ રાજ આ, હિન્દુઓ શિર હંમેશ જામો."

અંગ્રેજોના રાજ્યને સારૂં દેખાડવા માટે લેખકે અહીં "દુ:ખે દુ:ખાધિકં પશ્ય"-ની તર્કપધ્ધતિનો આશ્રય લીધો છે. અંગ્રેજ સલ્તનત વિશેનો આવો પ્રશંસાભાવ માત્ર ગુજરાતમાં જ હતો એવું માનવાને કારણ નથી. નવજાગૃતિની પહેલી ટશરો જે પ્રાંતમાં ફૂટી હતી એ બંગાળના ૧૯મી સદીના એક પ્રસિધ્ધ નેતા પ્રસન્નકુમાર ટાગોરે તો એમ કહ્યું હતું કે, ઇશ્વર જો એમને સ્વાતંત્ર્ય અને બ્રિટિશરાજ તે બેની વચ્ચે પસંદગી કરવાનું સૂચવે તો એ અવશ્ય બ્રિટિશરાજની પસંદગી કરે! !" ૧

"પક્ષી સમાજ" ના રચનાર "કવી માહાસુખરામ નરભેરામે," "આર્યોદયની ઉત્કંઠા :અને દેશની પડતીનાં કારણો કવિતારૂપ:" :૧૮૮૭: રચેલ છે. "નિર્ધન, નિર્બળ ને કંગાલ" થઇ ગયેલ ભારતવાસીઓ વિશે લેખક અસર કારક ઉક્તિમાં કહે છે:

"ગયું વદનનું નૂર ઉડયા છે હોશ સરવના,
ખાલી છે ભંડાર કહે છે દિવસ પરવના."

પોતાની અવદશા વિશે જ્ઞાત તથા જાગૃત હોવું, એ પ્રસ્તુત અવદશા દૂર કરવા માટેની લેખકને મન જરૂરી એવી એક પૂર્વશરત છે. દેશની અવદશા વિશેની જાગૃતિ અર્વાચીન કેળવણીએ પ્રેરી છે:"...જ્યારથી ઇંગ્રેજ જેવી શાણી તથા દયાળુ સરકારે ભરતખંડ સ્વાધીન કર્યો ત્યારથી કેળવણીરૂપ જ્યોત સર્વના અંતઃકર્ણમાં પ્રગટ થઇ, કે જેથી પોતે કેવી ખરાબ હાલતમાં :હતા: તે જણાઇ આવ્યું."

"ગરબાવળી" :૧૮૮૧: માં "દેશી મિત્ર" ના અધિપતિ મંછારામ ઘેલાભાઇની કેટલીક પદ્યકૃતિઓ છપાયેલી છે. મંછારામ ઘેલાભાઇ સૂરત રાયટ :૧૮૭૮: સમયે પકડાયા હતા. ઇ.સૂ.દેસાઇના તંત્રીપદે નીકળેલા "સ્વતંત્રતા" સામયિકના તંત્રીમંડળમાં પણ એમણે કામ કર્યું હતું. પરંતુ અંગ્રેજ રાજ્યઅમલ વિશે ઇચ્છારામ જેવો જહાલ દૃષ્ટિકોણ એ ધરાવતા નથી. "વેપારી અંગ્રેજ થયા છે,અહીંના લોક થયા ખાલી" એવી વિદેશી સરકારની કેટલીક મર્યાદાઓ એમણે દર્શાવી છે, એટલું જ,બાકી, અંગ્રેજ તણું "અદલ રાજ" કોઇ ચમત્કાર સર્જીને ભારતનાં બધાં જ દુ:ખદર્દોને ઉકેલી નાંખશે, એવી જે બેઠો ભરોસો કેટલાક તત્કાલીન લેખકો ધરાવે છે, તેના એક ભાગીદાર મંછારામ પણ જણાય છે.

"આર્યદુ:ખદર્શક" :૧૮૮૨: "એટલે ભરતખંડીઓ ઉપર થયેલો જુલમ તથા તેમાં થયેલા વીર પુરૂષની વીરતાનું સંક્ષિપ્ત વર્ણન" કરનાર છે પંડયા ઉમિયાશંકર હીરાશંકર નડિયાદી. આ કૃતિના શિવાજી વિશેના ભાગનો ઉલ્લેખ આગળના પ્રકરણમાં થયો છે. લેખકે "ગુજરાતવીર" જયશેખરની પણ પ્રશંસા કરી છે. પ્રસ્તાવનામાં ભારતના ભૂત તથા વર્તમાન વચ્ચેનું ~~વૈષમ્યસ~~

વૈષમ્ય લેખકે ચોટપૂર્વક ઉપસાવ્યું છે, "જેના પૂર્વજો હાથીની અંબાડીમાં બેસતા હતા, તેના હાથમાં અંબાડી ઝાલવાનો વખત આવ્યો છે ! "... લેખકે અંગ્રેજ રાજવીની નિર્ભયતાપૂર્વક આવી ટીકા કરી છે:

"રહી પોતાને દેશ, રાય અતીશે સુખ માણે,
પાઠવી બીજા જન, ધન નિજ દેશે તાણે.
... ...
કરે દયા વિણ કામ, હામ હુકમની રાખે,
લહે ખુંચાવી ધામ, સદા સુખ પડે ચાખે.
... .
............થયા દુ:ખના દિન ભારી."

"દેશદાઝ હઇડે ધરીને... તમે અંત:કરણના ઉભરા ખાલી કર્યા છે,", એવો ભવાનીશંકરનો ઉમિયાશંકરની દેશદાઝ વિશેનો :પ્રસ્તુત ગ્રંથમાં છપાયેલો: મત સાચો છે. બાકી, કાવ્યવસ્તુ તો એ કાળની પધ્ધતિ પ્રમાણેનું જ જણાય છે. ભૂતકાળનું ગૌરવ તાજું કરી કરીને વર્તમાનમાં રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટાવવાનો તથા સુધારો, વિદ્યા, હુન્નર, સંપ ઇ.નો પુરસ્કાર કરવાનો પ્રચલિત ઉપક્રમ ઉમિયાશંકરે પણ અપનાવ્યો છે.

"સવિતાકૃત કવિતા" :૧૮૮૫:માં <u>સવિતાનારાયણ ગણપતિનારાયણ</u> "દેશાભિમાન વગેરેની વાતો કરે છે, પણ તે પાછળ બહુ પ્રાણ પૂરી શકયા નથી" :અર્વાચીન કવિતા પૃ.૧૨૨: એવો સુંદરમ્નો મત માત્ર સવિતાનારાયણ પૂરતો જ નહિ, પણ સંસારસુધારાકાળના ઘણા ગૌણ કવિઓ માટે પણ યથાર્થ લાગે છે. પોતાની કૃતિની પ્રસ્તાવનામાં સવિતાનારયણ લખે છે: "મેં કવિતાને મારી ઉપજીવિકાનું સાધન કર્યું નથી, તેમજ લોકો મને કવિ કહે એવા હેતુથી નહિ, પણ કવિતામાં જ મારા મનને ખરેખરો આનંદ જડી આવ્યાથી અવકાશને વખતે.. રચેલી છે." આ શબ્દો નર્મદના પ્રસિધ્ધ વિધાનની યાદ અપાવે છે: "..ને મને જારે પદો બનાવવાથી આનંદ થાય છે તારે હું તો એ જ કામ કરીશ ને શેર જૂવાર તો મળી રહેશે."

"પરદેશીનૃપપારધી" :મુસ્લીમો: નો શિકાર બનેલ હિન્દભૂમિ, "ભણ્યા વિના ભોથડ" રહી ગયેલા ભારતના રાજવીઓ તથા "દુ:ખસિન્ધુમોઝાર" ડૂબેલા દેશજનો માટે સવિતાનારાયણે અફસોસ વ્યકત કર્યો છે.. સવિતાનારા-

ચણનું

નામ શિવલાલ ધનેશ્વર સાથે એક પદ્યકૃતિના ભાષાંતરકાર્યમાં સંકળાયેલું છે, તેનો અહીં જ ઉલ્લેખ કરી લઇએ. ગણેશ બાબાજી માટે :વકીલ: તથા બીજા ચાર મરાઠી લેખકોએ સાથે મળીને લખેલ એક મરાઠી પુસ્તકનું પદ્યભાષાંતર ઉપર્યુકત બન્ને લેખકોએ આ નામે કર્યું છે: "સ્વદેશકલ્યાણાર્થે અને સુધારણા-પ્રીત્યર્થ ઉપદેશ પર કીર્તનો" :પુસ્તક ૧, છાપ્યા સાલ મળી શકી નથી:. દેશની અવનતિનાં કારણો પદ્યભાષાન્તરકારો આ રીતે દર્શાવે છે: :૧: વિદ્યા,ધન તથા શકિતની અધિકતા દેશને ઉત્તમતા અર્પે છે.પરંતુ આપણે ત્યાં એ ત્રણેયનો હ્રાસ થયો હતો. વિશેષે, વિદ્યાના હીનત્વથી આપણી દૂર્દશા થઇ છે. :૨: દેશનું દ્રવ્ય પરદેશ ઘસડાઇ જાય છે. દ્રવ્ય પાછું મળી શકે, પણ શકિતથી એ જો વિયુકત હશે તો ટકી શકશે નહિ. માટે એ ત્રણેય તત્વો - ધન,શકિત તથા વિદ્યા-ની અધિકતા સિધ્ધ કરવાનું ભાષાન્તર-કારો સૂચવે છે. પ્રસ્તુત પદ્યકૃતિમાં સ્વદેશીનો પુરસ્કાર કરાયો છે. ભારતની આર્થિક ખાનાખરાબી માટે અંગ્રેજો જવાબદાર છે, એમ પ્રસ્તુત કૃતિના લેખકો સમજી શકે છે. પરંતુ દેશ માટેનું અંગ્રેજોનું ગુણપાસું એમને અધિક સમૃધ્ધ લાગ્યું હશે, એટલે જ સલ્તનત તરફનું એમનું એકંદરે ઢળતું વલણ દેખાય છે.

સંસારસુધારાકાળની કવિતામાં દેશપ્રીતિનો સૂર સતત સંભળાય છે. દેશપ્રીતિની અભિવ્યકિતમાં, અલબત્ત, કઢંગાપણું કવચિત દેખાય છે. એનું એક ઉદાહરણ લઇએ: "વિદ્યાગુરૂગુણ" :ખાસ શિક્ષક વર્ગને માટે::૧૮૯૨:ના રચયિતા ભોગીલાલ ભીખાભાઇ ગાંધી લખે છે: "અરે ભરતભૂમિ ! અરે મારી જન્મભૂમિ ! તારી આવી દશા કેમ થઇ? ... રે હિન્દ ! રે હિન્દ ! હિ, હિ, હિ- હિ: :સ્વપ્નમાં ડસકાં આવે છે:" કાવ્યમાં રૂદન કરવાની નર્મદની હાસ્યજનક ટેવની આ અસર હોઇ શકે.

દેશ માટે અભિમાન ધરાવવું, દેશહિતચિંતા સેવવી, અંગ્રેજ સલ્તનત તરફ એકંદરે પ્રશંસાભાવ ધરાવવો, પણ પ્રસંગ પડયે એની મર્યાદાઓય ચીંધી બતાવવાનો ઉપક્રમ સંસારસુધારાકાળના કવિઓએ રાખેલો છે. હુન્નરઉદ્યોગો-ના પ્રવેશ દ્વારા દેશને આર્થિક સ્વાવલંબન અર્પવું, દેશના નાણાંને પરદેશ

જતું અટકાવવું, વિદ્યાવિસ્તાર કરવો, ભારતની સમગ્ર પ્રજામાં ઐક્યની લાગણીને દૃઢીભૂત કરવી, ઇ. મનોરથોરૂપે એમની રાષ્ટ્રીય અસ્મિતા પ્રગટ થતી જણાય છે. અંગ્રેજોનું રાજ્ય એમને સાપેક્ષ અર્થમાં ગમતું હતું. મોગલો-મરાઠાઓ કરતાં રાજ્યકર્તા તરીકે અંગ્રેજો સાપેક્ષરીતે સારા, એવો ભાવ અંગ્રેજઅમલના પ્રશંસક એવા શિક્ષિતવર્ગમાં પણ પ્રવર્તતો હતો.

આવો મનોભાવ ધરાવનારા આપણા લેખકોને અંગ્રેજ સલ્તનતની પ્રસંગ પડયે ટીકા - અને ક્યારેક તો કડક ટીકા - કરવામાં રાજ્યદ્રોહ જણાયો નથી અને અંગ્રેજ અમલની પ્રશંસા કરવામાં કોઇ દેશદ્રોહ પ્રતીત થયેલો નથી. અત્યારસુધીની ચર્ચા દ્વારા સ્પષ્ટ થઇ ચૂક્યું છે એમ, રાજભક્તિ અને દેશભક્તિ એક જ સિક્કાની બે બાજુઓ જેવી એમને લાગી છે.

સંદર્ભ તથા પાદનોંધ

1. "An ...eminent Bengali leader, Prasannakumar Tagore,..said that if God offered him the choice between independence and British rule, he would ask for the latter." - 'Three phases of India's Struggle for Freedom', pp.2-3; Dr. R.C. Majumdar.